



બરોડામાં નવા કોર્ટ બિલ્ડીંગના નિર્માણ બાદ બાર અને બેંચ વચ્ચે તણાવનો માહોલ સર્જાયો હતો. નવા બિલ્ડીંગમાં વકીલોની બેઠક વ્યવસ્થાને અનુલક્ષી કોઈ સુવિધા કે આયોજન ન હોવાનો રોષ ભભુકયો હતો. જેને અનુલક્ષી ગાંધીનગર બાર એસોસિએશને પણ આ મામલે વિરોધની લાગણી વ્યકત કરી મંગળવારે કાર્ટ કાર્યવાહીથી અળગા રેહવાનો ઠરાવ કર્યો હતો. જેના લીધે આજે વકીલો કોર્ટ કામગીરીથી અળગા રહ્યા હતા.

# બીજ અને પાકની જાતો પર ખેડૂતોનો હક સર્વોપરી : કિસાન સંઘ

## પેપ્સી કંપની દ્વારા ખેડૂતો પર કરાયેલા કેસ બાબતે કિસાન સંઘ રાષ્ટ્રવ્યાપી આંદોલન છેડશે : કંપનીના ઉત્પાદનોના બહિષ્કારના એલાન અપાશે

ગાંધીનગર, તા. ૩૦

ખેડૂતોના બીજ અને જાતો પરના અધિકારો સર્વોપરી છે અને તે શીલાલેખ રૂપે કોતરાઈ જવા જોઈએ તેવું અખબારી યાદીમાં જણાવતા અખિલ ભારતીય કિસાનસંઘના રાષ્ટ્રીય કાર્યકારીણી સદસ્ય મગનભાઈ પટેલે જણાવ્યું છે કે જ્યાં સુધી કાયદામાં ખેડૂતોને આપવામાં આવેલ જોગવાઈ અંગે પુરી સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. આ બાબત તેમણે પેપ્સીકો કંપની દ્વારા બટાકાના બિયારણ બાબતે સાબરકાંઠા-અરવલ્લીના ખેડૂતો પર પેટન્ટ ભંગના કરવામાં આવેલા કેસ બાબતે જણાવી છે. જે અંતર્ગત પેપ્સી કંપનીના ઉત્પાદનોના બહિષ્કારના એલાન સહિત રાષ્ટ્રવ્યાપી આંદોલન ચલાવાશે.

ભારતીય કિસાનસંઘ દ્વારા જણાવાયું છે કે ખેડૂતોએ કાયદાની મર્યાદામાં જ ખેતી કરી છે અને અવળો કેસ કરીને કંપનીએ ગુનો કર્યો છે જેથી ખેડૂતોને પુછ્યાં વગર તેમના વિડિયો ઉતારવો તે ખેડૂતોની પ્રાઈવસીનો ભંગ હોવા સાથે કંપની પર ખેડૂતોએ માનહાની તથા માનસિક ત્રાસ સહિત કોર્ટના ખર્ચનો દાવો માંડવો જોઈએ. કિસાન સંઘ દ્વારા પાકની જાતો અને બીજ પર કિસાન અધિકાર મંચના નામે સમન્વય સમિતિની રચના કરવામાં આવશે જેમાં કિસાન સંઘ સહિત તમામ સંગઠનો સાથે કાર્યરત રહેશે અને ટૂંક સમયમાં તેના આગામી કાર્યક્રમો જાહેર કરશે. સમિતિમાં દેશભરના નામાંકિત કિસાન સંગઠનો, વકિલો, અધિકારીઓ, વિજ્ઞાનીઓ, બીજ એસોસિએશન, કર્મશીલો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા મિડીયા વગેરેને સમાવાશે. આ સાથે કિસાન સંઘ દ્વારા આ મામલે ગુજરાત સરકારે ખેડૂત તરફી અપનાવેલા વલણ બાબતે આભાર વ્યક્ત કર્યો છે.

### ખેડૂતો અને પેપ્સી વચ્ચે શું વિવાદ છે ?

પેપ્સીકો કંપની દ્વારા ખેડૂતો પાસેથી આગોતરા કોન્ટ્રાક્ટ હેઠળ બટાકાની ખરીદી કરવામાં આવે છે પરંતુ તેમાં ૪૫ એમએમની સાઈઝથી નાના અથવા કાપા-વાઢિયા પડેલા બટાકા રિજેક્ટ કરવામાં આવે છે. આ રિકેજક્ટ થયેલા બટાકાનો ખેડૂતો દ્વારા બિયારણ તરીકે ઉપયોગ કરાતા કંપનીએ પેટન્ટ ભંગનો કેસ કર્યો છે. ગત વર્ષે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં અને આ વર્ષે સાબરકાંઠાના વડાલી તાલુકામાં આ પ્રકારે કંપની દ્વારા ખેડૂતોને નોટીસ આપવામાં આવી છે જેમાં એક કરોડથી ઉપરના વળતરનો દાવો કરાયો છે જે સંદર્ભે કિસાનસંઘ ખેડૂતોના પડખે રહી લડત આપી રહ્યું છે.



આર.ટી.ઈ. પ્રવેશ માટે વાલીઓની જાગૃતતાથી ૨૫૦ ફોર્મ ભરાયા

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા મુજબ વિનામૂલ્યે ધો. ૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવો ફરજિયાત છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ કાયદાનો અમલ થાય તે માટે ખાસ પગલાં ભરી રહી છે. જેને લઈને તાજેતરમાં નબળા અને વંચિતજૂથના પરિવારજનો પોતાના બાળકનું પ્રવેશ ફોર્મ ઓનલાઈન તથા રિસિવર સેન્ટર પર રૂબરૂ ફોર્મની પ્રક્રિયા ચાલુ હતી. જેમાં જિલ્લામાં શરૂ કરવામાં આવેલા ચિલોડા રિસિવિંગ સેન્ટરમાં પણ ફોર્મ આપવા અને ભરવા તથા સ્વીકારવાની પ્રક્રિયા ચાલતી હતી. ચિલોડા પ્રાથમિક શાળા સ્થિત રિસિવિંગ સેન્ટર ખાતે છેલ્લી તારીખ સુધીમાં ગાંધીનગર પૂર્વ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારમાં નાના ચિલોડાથી ચંદ્રાલા સુધીના ૨૫૦ વાલીઓએ પોતાના બાળકોને ખાનગી સ્કૂલમાં નિઃશુલ્ક પ્રવેશ અને અભ્યાસ માટે આર.ટી.ઈ. અરજીના જરૂરી દસ્તાવેજો પ્રમાણે અરજી ફોટા સહિત, જન્મ તારીખનો દાખલો, બાળકનું આધારકાર્ડ, માતાનુ આધારકાર્ડ, પિતાનુ આધારકાર્ડ, પિતા કે બાળકના બેંક એકાઉન્ટની પાસબુક, આવકનો દાખલો, રેશનકાર્ડ કે લાઈટબીલની ઝેરોક્ષ નકલ સાથે પ્રવેશ માટે ફોર્મ ભરવા વાલીઓએ જાગૃતતા દાખવી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અમે જીતી જ જવાના છીએ..., તમે જોયું ન હતું કે અમારી પાર્ટીનાં સપોર્ટર ગુરુજીએ સામી પાર્ટી હારી જાય તેવા શ્રાપ આપ્યા હતા...

# બિહોલા રાજપૂત સમાજનો દશાબ્દી મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

સમાજની સિદ્ધિઓને વાગોળવા તથા વિકાસના ભાવી સપનોને સિદ્ધ કરવાના ઉદ્દેશથી બિહોલા રાજપૂત સમાજ દ્વારા દશાબ્દી મહોત્સવ ઉજવાયો હતો. જેમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બિહોલા રાજપૂત સમાજનો ઈતિહાસ વાગોળવામાં આવ્યો હતો. દરેકે પોતાની વાતોમાં બિહોલા સમાજમાં સંપ અને એકતા સાથે દસ વર્ષની સિદ્ધિ વાગોળી હતી સાથે સાથે દાતાઓને તેમજ વિશિષ્ટ મહાનુભાવોને ફૂલહાર તેમજ શાલથી સન્માનીત કરવામાં આવ્યા હતા. ગામેગામથી પધારેલા બિહોલા રાજપૂત સમાજના ભાઈઓ-બહેનોએ વાત્રક નદીના કિનારે મોટી પાવઠીના કિલ્લાના દર્શન કર્યા હતા.

દશાબ્દી મહોત્સવમાં ગાંધીનગર એડવોકેટ પૃથ્વીસિંહ પી. બિહોલા, ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બી. બિહોલા, દસક્રોઈ તાલુકા પંચાયતના વિપક્ષ નેતા બળવંતસિંહ એન. બિહોલા, અમરભારતી ટ્રસ્ટના પ્રમુખ ડૉ. રતનબેન રાતડીયા, રાજપૂત સમાજના પ્રમુખ વિસાજી બિહોલા, રાજપૂત સમાજના મંત્રી જુલુસિંહજી બિહોલાએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરણસિંહજી બિહોલા અને દિલીપસિંહજી બિહોલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જાણીતા ગાયિકા ભૂમિ પંચાલની ધરપકડ

શહેરના વસ્ત્રાલમાં રહેતી ગુજરાતી સીંગર ભૂમિ ડાહ્યાભાઈ પંચાલ અને તેના પરિવારે મળી એક યુવકને ખોટા કેસમાં ફસાવી દેવાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ છે. યુવકને વસ્ત્રાલના સુરેલિયા સર્કલ પાસે સમાધાન માટે બોલાવી ભૂમિ પંચાલ, તેના ભાઈ અને પિતાએ માર માર્યો હતો. જે બાબતનું યુવકને લાગી આવતા ઝેરી દવા પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. હાલ તેને સારવાર અર્થે એલ.જી હોસ્પિટલ દાખલ કરાયો છે. રામોલ પોલીસ ભૂમિ પંચાલ સહિત ચારની ધરપકડ કરી છે. જો કે, બાદમાં તમામને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે ગુજરાતી ગાયિકા ભૂમિ પંચાલ સહિત તમામને જામીન પર મુકત કર્યા હતા. જો કે, આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી. ખાસ કરીને યુવકે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કરતાં અને આ વિવાદમાં ગુજરાતી ગાયિકા ભૂમિ પંચાલ ફસાતાં ઢોલીવુડમાં પણ આ મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. આ અંગે રામોલના સુરેલિયા રોડ પર આવેલી ગીતાપાર્ક સોસાયટીમાં રહેતા અમિત વાળંદ હેર કટિંગની દુકાન ધરાવે છે. વસ્ત્રાલમાં રહેતી ગુજરાતી સિંગર ભૂમિ પંચાલ સાથે તેની ઓળખાણ થઈ હતી. ભૂમિએ અમિત સામે અવાર-નવાર અરજી કરી છે.

## ગુજરાત ગેસના સે. ૫ ગેસ પંપ પરના

# તમામ ૨૬ કર્મચારીઓને આજે પાણીચું પકડાવાયું

## જુના કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ પુરો થતા અચાનક છુટા કરી દેવાયેલા કર્મચારીઓનું ભાવિ અદ્ધરતાલ બન્યું

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સેક્ટર-૫ ખાતે ગુજરાત ગેસ કંપની દ્વારા કરાર આધારિત ૨૬ કર્મચારીઓને કંપની ગુજરાત ગેસ લિમિટેડના સેક્ટર-૫ના ગેસ ફિલીંગ સ્ટેશન પર કાર્યરત ઈન્ચાર્જ, કેશિયર, ટેકનિશ્યન, ગેસફિલર, સ્વીપર કર્મચારીઓ જુના કોન્ટ્રાકટર મહાવીર એન્જીનીયરીંગ વકર્સ સાથે છેલ્લાં કેટલાક વર્ષોથી કરાર આધારિત જોડાઈ કાર્યરત હતા.



અચાનક તા. ૧લી મે થી શરૂ થતા નવા કોન્ટ્રાક્ટમાં ચાલુ રાખવાને બદલે છુટા કરી દેવાતા કર્મચારીઓ કફોડી પરિસ્થિતિમાં મુકાઈ જવા પામ્યાં છે. આજે બપોરે આ કર્મચારીઓને અચાનક જ જણાવી દેવામાં આવ્યું કે 'તમારે આવતીકાલથી કામે આવવાનું નથી' જેના પગલે અવાચક બનેલા કર્મચારીઓએ બપોરથી કામ બંધ કરી વિરોધ પ્રદર્શન શરૂ કર્યુ હતુ. છુટા કરાયેલા કર્મચારીઓમાં મોટાભાગના કર્મચારીઓ લાંબા સમયથી કાર્યરત છે અને હવે તેમના પરિવારના ગુજરાનનો પ્રશ્ન ખડો થવા પામ્યો છે.

ગુજરાત સરકારની ગેસ તથા એરફિલર જેવા ૨૬ આવતીકાલથી અમદાવાદની અનુપમા એન્ટરપ્રાઈઝ નામની કંપનીનો કોન્ટ્રાક્ટ શરૂ થાય છે. અગાઉ કંપની દ્વારા કર્મચારીઓને નવા કોન્ટ્રાક્ટમાં પણ નોકરીએ ચાલુ રખાશે તેવી હૈયાધારણ અપાઈ હતી તેવો કર્મચારીઓનો દાવો છે પરંતુ આજે અચાનક તેમને જણાવી દેવામાં આવ્યું છે કે તેઓને નવા કોન્ટ્રાક્ટમાં સામેલ નથી કરાયાં તેથી આવતીકાલથી તમામ કર્મચારીઓને છુટા કરી દેવામાં આવ્યાં છે. આમ અચાનક હાથમાંથી નોકરી ચાલી જતા કર્મચારીઓના ભાવિ અધ્ધરતાલ બન્યાં છે અને કર્મચારીઓ ન્યાયની રાવ ઉઠાવી રહ્યાં છે.

### નવા કોન્ટ્રાક્ટર શું કહે છે ?

નવા કોન્ટ્રાક્ટર અનુપમા એન્ટરપ્રાઈઝના મેનેજર વિજય દેસાઈએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતુ કે ''જુના કર્મચારીઓને કંપની સાથે કોઈ વિવાદ હતો પરંતુ અમને કોઈ કર્મચારીએ તેમના ડોક્યુમેન્ટ કે અરજી આપી નથી, આથી આ કર્મચારીઓને ચાલુ રાખવા કે નહી તે અંગે અમારો કોન્ટ્રાક્ટ જ્યાં સુધી ચાલુ ના થાય ત્યાં સુધી કહી શકાય નહી.''

# ૧૫મી જૂન સુધીમાં પ્રવેશ પ્રક્રિયાને પૂર્ણ કરવા હુકમ

ગાંધીનગર,તા.૩૦

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કોલેજોનું બીજું સત્ર ૮ નવેમ્બરથી પ્રારંભ કરવાનું નક્કી કરાયું છે. માર્ચ-એપ્રિલમાં પરિક્ષા અને ૨૫ એપ્રિલથી ઉનાળુ વેકેશન શૈક્ષણિક કેલેન્ડરમાં સુચવાયું છે. યુનિવર્સિટીઓને કોમન એકેડેમિક કેલેન્ડરના માર્ગદર્શન સંદર્ભે ગુજરાત યુનિવર્સિટીના ઉપ-કુલપતિ ડૉ. જગદીશ ભાવસારને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે, પ્રવેશ પ્રક્રિયા માટે ખાસ સમિતિઓ બનાવીને આયોજન હાથ ધર્યું છે. આ માટે ખાસ પ્રવેશ સમિતિની ટીમોને કાર્યરત કરી છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો હેતુ સમયસર પ્રવેશનું કાર્ય આટોપાઈ જાય તો પ્રથમવર્ષ સહિતના સેમેસ્ટરોમાં વિદ્યાર્થીઓને ભણવાં માટેનો સમય પર્યાપ્ત મળી શકે અને શૈક્ષણિક સત્રનું સુચારુ આયોજન થઈ શકે તે પ્રકારનો છે. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આટ્ર્સ, કોમર્સ, સાયંસ સહિતની વિદ્યાશાખાઓમાં ધો.૧૨ની પરિક્ષાના પરિણામ બાદ ૧૫ દિવસમાં એટલે કે ૧૫.૬.૨૦૧૯ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે તમામ યુનિવર્સિટીઓને આદેશ પાઠવ્યો છે.

આ આદેશના પહલે રાજ્યની યુનિવર્સિટીઓએ કાર્યવાહિનો પ્રારંભ પણ કરી દીધો છે. આ કાર્યવાહિના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીએ પણ ગુજરાત ઉચ્ચ શિક્ષણને એકસુત્રના લાવવા રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અથાગ પ્રયાસ કરવામાં આવે છે. તેના ભાગરૂપે છેલ્લા બે-ત્રણ વર્ષથી તમામ યુનિવર્સિટીઓને શિક્ષણના દિવસો એક સરખા રાખવા અને છાત્રોને વધુ સમય શિક્ષણ માટે મળી રહે તે અંગેનું માર્ગદર્શન અપાય છે. યુનિવર્સિટીઓને સંલગ્ન કોલેજોમાં પ્રવેશ ઝડપથી પૂર્ણ થાય તે અત્યંત જરૂરી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ સજાગ રહી, પ્રવેશના જાતિ-નિયમો સમજીને પોતાના ટકાને આધારે જે તે કોલેજને અગ્રનાક્રમ આપે તે અત્યંત જરૂરી છે. જે તે કોલેજના અગાઉના વર્ષના પ્રવેશની ટકાવારી અવશ્ય ધ્યાને લઈને પોતાને પ્રાપ્ત થયેલા ટકાને આધારે કઈ કોલેજમાં પ્રવેશ મળશે તે બાબતને ધ્યાને લઈ પસંદગીનો ક્રમ આપી પોતાના પ્રવેશ માટે સુનિશ્રીત બને તે અત્યંત જરૂરી છે. ગુજરાત યુનિવર્સિટી કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા થકી વિદ્યાર્થીઓને પ્રવેશ આપી રહી છે. ત્યારે સૌ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે વધુ સમય મળે તે માટે સહકાર કરે તેવી અપીલ કરેલ છે.

**પ્રવેશ પ્રક્રિયા માટે વિશેષ સમિતિઓ બનાવીને આયોજન થયું : ટકાના આધાર ઉપર પ્રવેશ માટેનો અભિગમ જરૂરી**

# ૨૫ વર્ષ જૂની સોસાયટીને રિડેવલપ કરવાની તૈયારી

ગાંધીનગર,તા. ૩૦

ખાનગી સોસાયટીના રિડેવલપમેન્ટ બિલને આજે રાજ્યપાલ ઓ.પી. કોહલીએ મંજૂરી આપી દીધી દેતાં હવે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ૨૫ વર્ષ જૂની સોસાયટી, કોલોની કે ઈમારતોના રિડેવલપમેન્ટ માટેનો માર્ગ મોકળો બન્યો છે. જો કે, આ રિડેવલપમેન્ટમાં ૭૫ ટકા સભ્યોની સંમંતિ અનિવાર્ય અને જરૂરી રહેશે. સાથે સાથે રિડેવલપ કરવા માટે સંબંધિત સત્તાવાળાઓ પાસેથી જરૂરી પ્રમાણપત્ર પણ મેળવવાનું રહેશે તો જ રિડેવલપમેન્ટ કરી શકાશે, અન્યથા નહી. રાજય સરકાર દ્વારા અગાઉ વર્ષો જૂની ઈમારતોના રિડેવલપમેન્ટ માટે પ્રક્રિયા સરળ બનાવવાની નીતિ જાહેર કરવામાં આવી હતી.

જેના અનુસંધાનમાં ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ-૧૯૭૩માં સુધારો કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા રિડેવલપમેન્ટ અંગેનું બીલ ગુજરાત વિધાનસભામાં પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું અને રાજયપાલ ઓ.પી.કોહલી સમક્ષ આ બીલ મંજૂરી અર્થે સરકાર દ્વારા મોકલાયું હતુ અને આખરે રાજયપાલ દ્વારા આજે સરકારના આ રિવડેલપમેન્ટ બીલને મંજૂરી આપી દીધી હતી. જેને પગલે હવે રાજયભરમાં ૨૫ વર્ષ જૂની સોસાયટી, કોલોની કે ઈમારતોના રિડેવલપેન્ટનો માર્ગ મોકળો થઈ ગયો છે. એટલું જ નહી, હવે ૭૫ ટકા મકાન માલિક સહમત થાય તો હવે સોસાયટીને રિડેવલપ કરી શકાશે. જોકે હાઉસિંગ કોલોની રિડેવલપ કરવા માટે સંબંધિત સત્તાવાળાઓ પાસેથી ઈમારત જર્જરીત અને જોખમી હોવાનું પ્રમાણપત્ર મેળવવું પડશે.

# નારાયણ સાંઈને આજીવન કેદ

## ગંગા-જમનાને દસ-દસ વર્ષની કેદની સજા : રમેશ મલ્હોત્રાને છ મહિનાની કેદની સજા : પીડિતાને પાંચ લાખનું વળતર ચૂકવવા નારાયણ સાંઇને ફરમાન

અમદાવાદ,તા. ૩૦

વર્ષ ૨૦૧૩માં સુરતની સાધિકા બહેનોએ નારાયણ સાંઈ સામે નોંધાવેલી દુષ્કર્મની ફરિયાદના ચકચારભર્યા કેસમાં સુરત સેશન્સ કોર્ટના એડિશનલ સેશન્સ જજ પી.એસ.ગઢવીએ આજે બહુ મહત્વનો અને ઐતિહાસિક ચુકાદો જાહેર કર્યો હતો અને ખૂબ જ સંવેદનશીલ એવા આ કેસમાં કોર્ટે આરોપી નારાયણ સાંઈને આજીવન કેદની આકરી સજા ફટકારી હતી. કોર્ટે નારાયણ સાંઇને એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.સાથે સાથે આ કેસમાં ભોગ બનનાર પીડિતાને રૂ.પાંચ લાખનું વળતર ચૂકવવા પણ કોર્ટે નારાયણ સાંઈને હુકમ કર્યો હતો. કોર્ટે નારાયણ સાંઈના સેવકો એવા ગંગા-જમના અને હનુમાનને પણ આ કેસમાં દસ-દસ વર્ષની સખત કેદની આકરી સજા ફટકારી હતી. જયારે આરોપી રમેશ મલ્હોત્રાને છ મહિનાની કેદની સજા કરી હતી. કોર્ટે આ તમામ આરોપીઓને રૂ.પાંચ હજારનો દંડ પણ ફટકાર્યો હતો. સમગ્ર દેશમાં દાખલો બેસાડે તે પ્રકારનો સુરત સેશન્સ કોર્ટે આ ઐતિહાસિક ચુકાદો જારી કરતાં ન્યાયિક વર્તુળ અને પોલીસ તંત્ર ઉપરાંત, સમાજમાં પણ ચુકાદાની વાહવાહી થઈ રહી છે. અગાઉ કોર્ટે તા.૨૬મી એપ્રિલના રોજ નારાયણ સાંઈ સહિત કુલ પાંચ આરોપીઓને આ કેસમાં દોષિત જાહેર કર્યા હતા અને જે પ્રકારે નારાયણ સાંઈ સહિતના આરોપીઓને આજીવન કેદ સહિતની સજાની જે પ્રકારે શકયતાઓ સેવાઈ રહી હતી, તે જ મુજબની સજા સુરત સેશન્સ કોર્ટે નારાયણ સાંઈ સહિતના પાંચેય આરોપીઓને ફટકારી હતી, જેને પગલે આસારામ, નારાયણ સાંઈના સાધકોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. સુરતની સાધિકા બહેનો સાથે દુષ્કર્મના કેસનો ખૂબ જ મહત્વનો અને સંવેદનશીલ ટ્રાયલ છ વર્ષ સુધી ચાલ્યો હતો. જેમાં સુરત સેશન્સ કોર્ટે આજે મહત્વનો ચુકાદો જાહેર કરી મુખ્ય આરોપી નારાયણ સાંઈને જન્મટીપ, ગંગા, જમના અને હનુમાનને દસ-દસ વર્ષ અને રમેશને છ મહિનાની સજા સંભળાવી હતી. ઉલ્લેખનીય છે કે, સાધિકા બહેનો દ્વારા ૧૦ વર્ષ જૂના કેસમાં ફરિયાદ દાખલ કરાવવામાં આવી હતી. પોલીસ દ્વારા સાધિકા બહેનોનું કોર્ટમાં ૧૬૪ મુજબનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. આ નિવેદનના આધારે જ આખરે કેસ નોંધાયો હતો અને નારાયણ સાંઈ પકડાયા બાદ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. પીડિતાની નાની બહેનના કારણે નારાયણ સાંઈ વિરુધ્ધ પુરતા પુરાવા અને દરેક લોકેશનની ઓળખ થઈ હતી. જયારે મોટી બહેને



આસારામ વિરુધ્ધ કેસ નોંધાવ્યો હતો. નારાયણ સાંઈ વિરુધ્ધ ૫૩ સાક્ષીઓઓએ જુબાની નોંધાઈ હતી. જેમાંથી અમુક મહત્વના સાક્ષીઓ પણ છે જેમણે નારાયણ સાંઈ દ્વારા હવસના શિકાર બનાવાયાનું નજરે જોયું છે અથવા તો આરોપીઓને મદદ કરી હતી પરંતુ બાદમાં તેઓ સાક્ષી બની ગયા હતાં. દુષ્કર્મ કેસમાં નારાયણ સાંઈ મુખ્ય આરોપી હતો, જ્યારે પાંચ આરોપીઓને પણ દોષિત જાહેર કરવામાં આવ્યાં હતા. જેમાં ગંગા ઉર્ફે ભાવના અને જમના ઉર્ફે ધર્મિષ્ઠાને દુષ્કર્મ બાદ નવડાવવી અને અવાજ ન ઉઠાવવા સમજાવવું- બ્રેઈન વોશ કરવું તથા એકવાર અવાજ ઉઠાવ્યો ત્યારે માર મારવાનો રોલ હતો. જ્યારે હનુમાન ઉર્ફે કૌશલ ઠાકુર-નારાયણ સાંઈનો ડ્રાઈવર કમ બોડીગાર્ડ હતો. હનુમાન દરેક દુષ્કર્મમાં સાથે જ હતો. રમેશ મલ્હોત્રા ઉર્ફે રાજકુમાર મલ્હોત્રાએ નારાયણ સાંઈને ભાગવામાં મદદ કરી હતી પોતાની કાર આપી હતી. નારાયણ સાંઈ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ સી, ૩૭૭, ૩૫૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬, ૧૨૦ બી, અને ૧૧૪ લગાડવામાં આવી હતી. ગંગા અને જમના સામે કલમ ૧૨૦બી પ્રમાણે ચાર્જફ્રેમ કરવામાં આવ્યા હતા. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ એડિશનલ જજ પી.એસ.ગઢવીએ ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો હતો.

### સાંઈએ છેલ્લી ઘડીયે પેપર પેન માંગી પત્ર લખ્યો...

સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને ભારે ચર્ચા જગાવનાર સાધિકા પર દુષ્કર્મ કેસમાં આજે સુરત સેશન્સ કોર્ટ તેનો ચુકાદો સંભળાવનાર હતી, ત્યારે છેલ્લી ઘડીયે નારાયણ સાંઈએ એક કાગળ અને પેન માંગ્યા હતા અને બાદમાં જમીન પર બેસી તે કાગળમાં કોર્ટે અગાઉ તેમને દોષિત કરતો જે ચુકાદો તા.૨૬મી માર્ચે આપ્યો હતો, તેની પર પુનઃવિચાર કરવા માંગણી લખી હતી પરંતુ ન્યાયાધીશે તે માંગણી ધરાર ઠુકરાવી દીધી હતી અને આખરે નારાયણ સાંઈને સાધિકા પર દુષ્કર્મના ચકચારભર્યા કેસમાં જન્મટીપની આકરી સજા ફટકારી સમગ્ર સમાજમાં દાખલો બેસાડતો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.